આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૮૪ | ૨૪ ડિસેમ્બર, ૨૦૧૨, સોમવાર; માગશર સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

જેના દિલમાંથી 'લોભ' નિકળી ગયો છે તે બદા જ બંધનમાંથી મુક્ત છે
- ભર્તૃહરિ

મનપા દ્વારા આરોગ્ય સેવાઓ આરંભાશે

પ્રથમ તબક્કામાં સે.૨૮, ૨૯, ૨ અને પાલજ ખાતે અર્બન હેલ્થ સેન્ટરો શરૂ કરાશે

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આગામી દિવસોમાં આરોગ્ય સેવાઓનો આરંભ કરવામાં આવશે. આ અંગે પ્રથમ તબક્કામાં ચાર અર્બન હેલ્થ સેન્ટરો સે-૨૮, ૨૯, ૨ અને પાલજ ખાતે કાર્યરત કરવામાં આવશે.

અર્બન હેલ્થ સેન્ટર દ્વારા આરોગ્ય સેવાનો આરંભ ૧લી જાન્યુઆરીથી કરવામાં આવશે. આ અંગે તંત્ર દ્વારા તૈયારીઓની કવાયત અંતિમ તબક્કામાં છે.

શહેરમાં અર્બન હેલ્થ પ્રોજેકટ અમલી બનાવવા માટે ગત વર્ષે કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૬૮ લાખ જેટલી માતબર રકમ ફાળવી આપવામાં આવી હતી. આ પછી આરોગ્ય વિભાગ માટે જગ્યાઓ મંજૂર થઈ આવતાં આરોગ્યની સેવાઓ હવે શરૂ કરવાની કવાયત તેના અંતિમ તબક્કામાં પ્રવેશી છે.

મળતી વિગતો પ્રમાણે ચૂંટણીની આચાર સંહિતા પહેલાં આ અંગેની નિમણુંકો માટેના ઈન્ટરવ્યુ અને અન્ય કામગીરી સંપન્ન થઈ ચુકી છે. પ્રથમ તબક્કામાં ચાર અર્બન સેન્ટર શરૂ કરવામાં આવશે આ પછી તેના સબ સેન્ટરો કાર્યાન્વિત કરાશે.

મહાનરપાલિકા દ્વારા શહેરમાં આવશ્યક ગણાતી આરોગ્યની સેવા માટે વસ્તીના માપદંડને ધ્યાને રાખી હાલ ચાર અર્બન હેલ્થ સેન્ટરો શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ ચાર અર્બન હેલ્થ સેન્ટરોની પસંદગીને સરકાર દ્વારા બહાલી આપી દેવામાં આવી છે.

બીજી તરફ શહેરના આરોગ્યના પ્રશ્નોને લઈ સરકાર દ્વારા એક અલગ આરોગ્ય વિષયક સેવાઓનો એકશન કરવા સહિતની બાબતોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આ દવાખાનાઓમાં પ્રસુતિની સુવિધાઓ ઉપલબ્ધ કરાવી પી.એચ.સી.નો દરજ્જો આ દવાખાનાઓને આપવાની વાત પણ વિચારણામાં હોવાનું જાણવા મળેલ છે.

મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે સેકટરોમાં આવેલા દવાખાનાઓની સ્થિતિ, ત્યાંની ઓ.પી.ડી. અને હાલની સુવિધાઓને લઈ એક વિગતવાર અહેવાલ પણ સરકારે તૈયાર કરાવ્યો છે અને આ મુદ્દે ટૂંકમાં જ મહત્વના નિર્ણયો લેવામાં આવે તેવી શકયતાઓ છે.

શહેરના વિવિધ સેકટરોમાં હાલ ૧૧ જેટલા દવાખાનાઓ છે તેમાં ઓ.પી.ડી.ના જે કેસો નોંધાઈ રહ્યા છે તેનો અભ્યાસ પણ કરવામાં આવ્યો છે. એક તબક્કે આ દવાખાનાઓ મહાનગરપાલિકાને પ્લાન પણ તૈયાર કરવામાં આવી રહ્યો છે. જેમાં વિવિધ સેકટરોમાં આવેલા સરકારી દવાખાનાઓના અપગ્રેડેશન તેમજ ૨૪x૭ના દવાખાનાઓ શરૂ આરોગ્ય સેવાઓના સંચાલન માટે સોંપવાની વાત પણ વિચારણામાં લેવામાં આવી હતી. આ વિચારણા દરમિયાન જ ચૂંટણીની આચાર સંહિતા આવી જતાં આખો મામલો ફાઈલોમાં દબાઈ જવા પામ્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમમાં શહેરનાં ૫૪ હજાર બાળકોને આવરી લેવાશે

૧૫ જેટલી ટીમો શહેરી વિસ્તારનાં બાળકોની ચકાસણીમાં જોડાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરમાં આજથી શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમનો આરંભ થઈ રહ્યો છે. શહેરની વિવિધ પ્રાથમિક શાળાઓ અને માધ્યમિક શાળાઓનાં બાળકોના આરોગ્યની ચકાસણી આ કાર્યક્રમ અંતર્ગત હાથ ધરવામાં આવશે.

શહેરી વિસ્તારની ૩૪ પ્રાથમિક શાળાઓ અને માધ્યમિક શાળાનાં ૫૪ હજાર જેટલાં બાળકોને આ કાર્યક્રમ અંતર્ગત આવરી લેવામાં આવનાર છે. આ માટે ૧૫ જેટલી ટીમો દ્વારા ચકાસણીની કામગીરી કરવામાં આવશે.

પ્રાથમિક તપાસ દરમ્યાન બાળકને જો સંદર્ભ સેવાની જરૂર જણાશે તો તેને ગાંધીનગર સિવિલ હૉસ્પિટલમાં રિફર કરવામાં આવશે. આ પછી સઘન સારવારની જરૂર જણાશે તો આગળ સારવાર માટે મોકલી આપવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ ઈન્ડિયન મેડિકલ એસોસિએશન તેમજ નેશનલ મેડિકલ ઓર્ગેનાઈઝેશનની ગાંધીનગર શાળાએ પણ સહયોગ આપવાનો નિર્ણય કર્યો છે અને તે પણ આ કાર્યક્રમમાં જોડાઈ બાળકોના આરોગ્યની ચકાસણી કરશે.

શહેરી વિસ્તારની શાળાઓમાં વિદ્યાર્થીઓના આરોગ્યની ચકાસણી અંગેનું આયોજન આખરી કરી દેવામાં આવ્યું છે. ચૂંટણીની આચારસંહિતાને કારણે એક મહિના બાદ આ કાર્યક્રમ હાથ ધરવામાં આવી રહ્યો છે. આ કાર્યક્રમ ૧૯ ફેબ્રુઆરી સુધી ચાલશે. રોજની બેથી ચાર જેટલી પ્રાથમિક શાળાઓને આવરી લેવાનું આયોજન છે.

ગ્રામ્ય વિસ્તારની શાળાઓ માટે પણ આજથી જ આ કાર્યક્રમ આરંભાઈ રહ્યો છે. આ ચકાસણીના આધારે બાળકોનો હેલ્થ ચાર્ટ પણ તૈયાર કરવામાં આવનાર હોવાનું તંત્રના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગાંધીનગર ડિસ્ટ્રીકટ ફૂટબૉલ ઍસોસિએશન દ્વારા ઈન્ટર ડિસ્ટ્રીકટ ગર્લ્સ ફૂટબૉલ ચેમ્પિયનશીપનો આરંભ સેકટર-૨૦માં કાર્યરત સરકારી કૉલેજ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવ્યો છે. (તસવીર : દિપક જાની)

લોયલા ગ્રાઉન્ડ હોલમાં ડોગ-શોનું આયોજન કરવામાં આવ્યું હતુ.

રાજ્યભરમાં તીવ્ર ઠંડીનું મોજું

અમદાવાદ,તા. ૨૩

ઉત્તરભારતની સાથે સાથે ગુજરાતમાં પણ કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યુ છે. ઠંડા પવનના કારણે એકાએક તાપમાનમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. રાજ્યમાં સૌથી વધુ ઠંડી નલિયામાં નોંધાઈ છે. અહીં તાપમાન ઘટીને ગઈકાલની સરખામણીમાં ૭.૩ ડિગ્રી થઈ ગયુ હતુ. જેથી અહીંના લોકોએ સૌથી વધુ ઠંડીનો અહેસાસ કર્યો હતો. લઘુતમ તાપમાનમાં મોટાભાગના વિસ્તારોમાં ઘટાડો નોધાયો છે. જો કે કેટલાક વિસ્તારમાં તાપમાનમાં વધારો પણ જોવા મળ્યો છે. આજે વહેલી સવારે અને મોડી સાંજે ઠંડીનો અનુભવ લોકોએ કર્યો હતો. આવતીકાલે અમદાવાદ માટે હવામાન વિભાગે આગાહી કરતા કહ્યુ છે કે લઘુતમ તાપમાન ૧૪.૮ ડિગ્રીની આસપાસ રહી શકે છે. અમદાવાદ શહેરમાં લઘુતમ તાપમાન ૧૪.૮ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૨૮.૫ ડિગ્રી રહ્યુ હતુ. ઉત્તરભારતમાં મોટાભાગે પારો ખુબજ નીચે પહોંચી ગયો છે ત્યારે ગુજરાતમાં પણ ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. નલિયામાં ૭.૩ ડિગ્રી ઉપરાંત અન્ય જે વિસ્તારમાં સૌથી વધુ ઠંડીનો અનુભવ લોકોએ કર્યો હતો તેમાં ડિસાનો સમાવેશ થાય છે. અહીં ૮.૭ ડિગ્રી તાપમાન થયુ હતુ. ગઈકાલની સરખામણીમાં તાપમાનમાં ઘટાડો થયો હતો. રાજ્યના પાટનગર ગાંધીનગરમાં પણ તાપમાનમાં ઘટાડો થયો હતો. આજે લઘુતમ તાપમાન ૧૩ ડિગ્રી નોંધાયુ છે. અન્ય જે વિસ્તારમાં તાપમાન ઓછુ નોંધાયુ છે તેમાં ભૂજ, વલસાડ, ભાવનગર, કંડલાએરપોર્ટ અને કંડલાબંદરનો સમાવેશ થાય છે. ભૂજમાં લઘુતમ તાપમાન ૧૩.૬ ડિગ્રી રહ્યુ હતુ. જાણકાર લોકોના કહેવા મુજબ આગામી દિવસોમાં રાજ્યના ઘણા ભાગોમાં તીવ્ર ઠંડીનો અનુભવ કરવાની ફરજ પડી શકે છે. વર્તમાન સિઝનમાં ખુબ ઓછી ઠંડી પડી છે જેથી લોકોમાં આને લઈને પણ ચર્ચા છે.